---

**સંતરામપુરના એડીશનલ સિનીયર સીવીલ જજ સાહેબની કોર્ટમાં,**

**મુકામ : સંતરામપુર.**

---

**સીવીલ પરચુરણ અરજી નં.૨૩/૨૦૨૫**

**આંક :-**

**અરજદાર :-** **શૈલેષકુમાર જયંતીલાલ પ્રજાપતી ઉ.વ. પુખ્ત**
**રહે. મુ.પો. બલૈયા, તા. ફતેપુરા, જી. દાહોદ**

**વિ રૂ દ ધ**

**સામાવાળા :** – **કોઈ નહી.**

---

બાબત : **વિલના આધારે લેટર ઓફ એડમીસ્ટ્રેશન મેળવવા**

---

**અરજદાર તરફે વિ. વ. શ્રી : ડી.આર.જોષી**

**સામાવાળા તરફે વિ.વ. શ્રી : કોઈ નહી.**

---

**ઠ રા વ**

(૧) આ કામે અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, અરજદાર ફતેપુરા તાલુકાના બલૈયા ગામના રહેવાસી છે અને સ્વ. ચંદ્રીકાબેન ભાઈજીભાઈ બારીયા નાઓ સાથે માતા પુત્ર તરીકેના સબંધો થયેલ અને લાગણીઓથી બંધાયેલા. ચંદ્રીકાબેન અપરણીત નિ:સંતાન હતા જેથી અરજદાર તેમની સાથે તેમના દિકરા તરીકેની લાગણીથી બંધાયેલા અને તેમનુ લાલન પાલન કરતા હતા. ચંદ્રીકાબેનનું આવસાન તા. ૧૩/૭/૨૦૨૨ ના રોજ સંતરામપુર મુકામે થયેલ છે અને તેઓ આરોગ્ય ખાતામાં નર્સ તરીકે કામ કરતા હતા અને તેમની આવકમાંથી સ્થાવર તેમજ જંગમ મીલકતો હતી તેમની હયાતી બાદની

અરજદાર એક માત્ર વારસદાર તથા વહીવટદાર તરીકે સંતરામપુર સબ રજીસ્ટાર ઓફીસ ે નોંધણી નંબર ૩૩૪/૨૦૨૨ તા. ૨૭/૬/૨૦૨૨ ના રોજ બે સ્વતંત્ર સાક્ષીઓ ડીંડોર શૈલ ેષભાઈ વિરસીંગભાઈ તથા કુલદીપસિંહ ભરતસિંહ ચૌહાણ ના રૂબરૂ વિલ યાને વસીયતનામુ અરજદારની તરફેણમાં કરી આપેલ.

ચંદ્રીકાબેનની મીલકતો પૈકી (૧) બરોડા ગુજરાત ગ્રામીણ બેંકની બલૈયા શાખામાં ખાતા નં. ૩૧૨૮૦૧૦૦૦૦૪૬૧૨, (૨) સંતરામપુર જુની દેના બેંક જે હાલની બેંક ઓફ બરોડા ડીબી ખાતા નં. ૯૩૫૩૦૧૦૦૦૦૩૬૧૩ માં તેમનુ પેન્શન જમા થતુ હતુ તેમજ ગ્રામીણ બેંકમાં ફીકસ ડીપોઝીટની રકમ તેમજ સોના ચાંદીના દાગીના તથા સંતરામપુર નગરપાલીકા માં આવેલ મંગલજયોત સોસાયટીમાં આવેલ મકાન જેનો નગર પાલીકા મીલકત નં. ૧૦૦૪૫૪૦ સબંધે અરજદારના નામે અને લાભમાં વિલ કરવામાં આવેલ છે જે રજીસ્ટર વીલ હાલમાં અમલમાં છે અને કોઈ જગ્યાએ કોઈ કોર્ટ મારફતે રદ્દ કરવામાં આવેલ નથી કે પડકારવામાં આવેલ નથી.

સંતરામપુર જુની દેના બેંક જે હાલની બેંક ઓફ બરોડા ડીબી ખાતા નં. ૯૩૫૩૦૧ ૦૦૦૦૩૬૧૩ માં જમા થયેલી વ્યાજ સહીતની રકમ સીવાયની તમામ મીલકતોમાં અરજદારનુ નામ વીલ નોંધણી નંબર ૩૩૪/૨૦૨૨ ના આધારે દાખલ થઈ ગયેલ છે. બેંક ઓફ બરોડામાં ચંદ્રિકાબેનનો મરણનો દાખલો, પેઢીનામુ, વારસાઈ સર્ટીફીકેટ તેમજ વીલ રજુ કરેલ હોવા છતાં સક્ષમ અદાલતનો હુકમ રજુ કરવા માટે માંગણી કરતાં અરજદારે હાલની અરજી કરવાની જરૂરીયાત ઉપસ્થિત થયેલ હોવાનુ જણાવી પેરા નં. ૯ માં એવી દાદ માંગેલ છે કે, અરજદાર તે સ્વ. ચંદ્રિકાબેનના વીલ આધારે એક માત્ર કાનુની હયાત વારસદાર છે અને સંતરામપુર જુની દેના બેંક જે હાલની બેંક ઓફ બરોડા ડીબી ખાતા નં. ૯૩૫૩૦૧૦૦૦૦૩૬૧૩ માં જમા નાણા વ્યાજ સહીત તમામ રકમનો વહીવટ કરવા અરજદારને વીલ આધારે અરજદારના નામનુ લેટર ઓફ એડમીનીસ્ટ્રેશન અપવા અરજ કરેલ છે.

(૨) ઉપરોકત સર્ટીફીકેટ મેળવવા માટે અરજદારે તારીખ :૧૫–૦૯–૨૦૨૫

ના રોજ અરજી કરતા અત્રેની અદાલતમાં કાયદેસરની કાર્યવાહી કરવા માટે તબદીલ કરવામાં આવતા અરજી બાબતે પબ્લીક નોટીસ પ્રસિધ્ધ કરાવીને જો કોઈ વાંધો તકરાર હોય તો તે મંગાવવાનો હુકમ કરેલો છે.

(૩) ઉપરોકત હુકમ અન્વયે તારીખ : ૧૪–૧૧–૨૦૨૫ ના રોજ ''દિવ્ય ભાસ્કર'' દૈનિક વર્તમાન પત્રમાં જાહેર નોટીસ પ્રસિધ્ધ કરાવેલ છે જે આ કામે આંક : ૦૬ ના દસ્તાવેજી લીસ્ટથી રજુ છે જેમાં આંક– ૨૦ થી જાહેર નોટીસની પેપર કટીંગ રજૂ કરેલ છે. તે નોટીસમાં જણાવ્યા મુજબ હાલની અરજી સામે આ હુકમ કરવામાં આવ્યો ત્યાં સુધી કોઈજ વાંધો કે તકરાર કોર્ટ સમક્ષ આવેલ નથી.

(૪) અરજદાર તરફે નીચે મુજબના લેખીત સોગંદનામાં રજુ કરેલ છે.

| ક્રમ | સોગંદ પરનો પુરાવો | આંક |
|---|---|---|
| ૧ | અરજદાર શૈલેષકુમાર જયંતિલાલ પ્રજાપતી ની સરતપાસ નું સોગંદનામુ | ૦૭ |
| ૨ | સાહેદ શૈલેષભાઈ વિરસીંગભાઈ ડીંડોરનુ સરતપાસનુ સોગંદનામુ | ૨૨ |
| ૩ | સાહેદ ચૌહાણ કુલદિપસિંહ ભરતસિંહ નાઓનુ સરતપાસનુ સોગંદનામુ | ૨૩ |

(૫) અરજદાર તરફે નીચે મુજબના દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

| ક્રમ | સોગંદ પરનો પુરાવો | આંક |
|---|---|---|
| ૧ | ચંદ્રીકાબેન નાઓએ કરેલ રજીસ્ટર વીલ | ૦૯ |
| ૨. | ચંદ્રીકાબેન ના મરણનુ પ્રમાણપત્ર | ૧૦ |
| ૩ | ચંદ્રીકાબેનની જુની દેના બેંક ના પાસબુક અસલ | ૧૧ |
| ૪. | ચંદ્રીકાબેન નુ પેઢીનામુ | ૧૨ |

એડીશનલ સિનીયર સીવીલ જજ,મુ.સંતરામપુર.

| | | |
|---|---|---|
| ૫. | ચંદ્રીકાબેનના પેન્શન બાબતે નુ વારસાઈ પ્રમાણપત્ર | ૧૩ |
| ૬. | ચંદ્રીકાબેનના નામે રામપુર ગામે આવેલ રે.સર્વે નં. ૬૨ પૈકી ૧૩ નો ગામ નમુના નં. ૮ અ ની નકલ | ૧૪ |
| ૭ | ચંદ્રીકાબેનના નામે રામપુર ગામે આવેલ રે.સર્વે નં. ૬૨ પૈકી ૧૩ નો ગામ નમુના નં. ૭ અને ૧૨ ની નકલ | ૧૫, ૧૬ |
| ૮ | ગામ નમુના નં. ૬ હકકપત્રકની નોંધ નં. ૫૧૪૬ ની નકલ | ૧૭ |
| ૯ | અરજદારના આધારકાર્ડની નકલ | ૧૮ |
| ૧૦ | બેંક પેનલ વકીલે આપેલ અભિપ્રાય વાળો પત્ર | ૧૯ |
| ૧૧ | વર્તમાનપત્રમાં નોટીસ પ્રસીધ્ધીની પેપર કટીંગ | ૨૦ |

આ સિવાય બીજો કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી.

(૬) આ કામે અરજદાર તરફે અરજદાર શૈલેષભાઈ પ્રજાપતિનો સરતપાસ ની સોગંદ પરનો પુરાવો રજુ થયેલ છે જે પુરાવામાં સ્વ. ચંદ્રીકાબેન અપરણીત નિ:સંતાન હતા જેઓ આરોગ્ય ખાતામાં નર્સ તરીકે નોકરી કરતા હતા અને તેમના અવસાન પછી તેમની સ્થાવર તથા જંગમ મિલકતના વહીવટ કરવાનો અધિકાર આપવા સંતરામપુર સબ રજીસ્ટ્રાર કચેરીએ નોંધણી નં. ૩૩૪/૨૦૨૨ થી વીલ કરવામાં આવેલુ જે વીલ આધારે અરજદારનુ નામ સ્વ. ચંદ્રીકાબેનની સ્થાવર તેમજ અન્ય જંગમ મિલકતમાં દાખલ થઈ ગયેલ છે. સંતરામપુર જુની દેના બેંક જે હાલની બેંક ઓફ બરોડા ડીબી ખાતા નં. ૯૩૫૩૦૧૦૦૦૦૩૬૧૩ માં જમા નાણા વ્યાજ સહીત તમામ રકમનો વહીવટ કરવા અરજદારને વીલ આધારે નામ દાખલ કરવા બેંકમાં રજુઆત કરતા બેંકે કોર્ટનુ પ્રમાણપત્ર રજુ કરવા જણાવતાં અરજદારના નામનુ લેટર ઓફ એડમીનીસ્ટ્રેશન અપવા અરજ કરતો પુરાવો રજુ કરેલ છે.

આંક-૨૨ થી વીલ સાક્ષી ડીંડોર શૈલેષભાઈ વિરસીંગભાઈ તથા આંક-૨૩ થી ચૌહાણ કુલદીપસિંહ ભરતસિંહનો પુરાવો રજુ છે આ બંને સાહેદો તેમના સરતપાસના સોગંદનામામાં સ્વ. બારીયા ચંદ્રીકાબેનનાઓએ તેમની હયાતીમાં તા. ૨૭/૬/૨૦૨૨ ના

રોજ સંતરામપુર સબ રજીસ્ટ્રાર ઓફીસમાં નોંધણી નં. ૮૩૪/૨૦૨૨ થી રજીસ્ટર વીલની નોંધણી કરાવેલ અને તે વીલમાં તેમની સ્થવાર તેમજ જંગમ મીલકતમાં વહીવટ કરવા અરજદાર શૈલેષકુમાર જયંતીલાલ પ્રજાપતીની તરફેણમાં વીલ કરેલુ જે વીલમાં તેઓ બંને સાક્ષી તરીકે રહેલ હોવાની અને આંક–૯ થી રજુ થયેલ વીલમાં તેમની સહી હોવાનો પુરાવો રજુ કરેલ છે.

અરજાદરપક્ષે આંક–૯ થી અસલ રજીસ્ટર વીલ રજુ કરેલ છે જે સંતરામપુર સબ રજીસ્ટ્રાર કચેરીએ નોંધણી થયેલ છે જે વીલ આ કામના અરજદારની તરફેણમાં કરવામાં આવેલ છે તથા વીલના સાક્ષીઓ તે આ કામના સાહેદ કે જેમનો પુરાવો આંક–૨૨ તથા ૨૩ થી રજુ થયેલ છે તેઓ છે. આંક–૧૦ થી ચંદ્રીકાબેનનુ મરણનુ પ્રમાણપત્ર રજુ છે તથા આંક–૧૨ થી પેઢીનામુ રજુ છે જેમાં અરજદારને એક માત્ર વારસદાર તરીકે દર્શાવવામાં આવેલ છે. આંક–૧૪ થી ૧૭ સુધીના દસ્તાવેજ ધ્યાને લેતાં અરજદારનુ નામ ચંદ્રીકાબેનના વારસની હેંસીયતથી વારસાઈથી નામ દાખલ થયેલ હોવાનુ જણાઈ આવે છે. આંક–૨૦ થી રજુ થયેલ પેપર કટીંગ ધ્યાને લેતાં તા. ૧૪/૧૧ /૨૦૨૫ ના રોજ અરજીના કામે વાંધા રજુ કરવા સબંધે પબ્લીક નોટીસ કરાવેલ છે જે કામે આજદિન સુધી કોઈપણ ત્રાહીત પક્ષકાર ધ્વારા અરજીના કામે હાજર થઈ વાંધો વિરોધ રજુ કરેલ નથી.

(૭) આમ, અરજદાર શૈલેષકુમાર જયંતિલાલ પ્રજાપતી તે સ્વ. ચંદ્રીકાબેન ભાયજીભાઈ બારીયાના આડી લીટીના કાયદેસર ના વારસદાર છે તેમજ અન્ય કોઈ વારસ કે ત્રાહીત વ્યકિત દવારા અરજી મંજુર કરવા સામે કોઈ વાંધો કે વિરોધ હુકમ થયો ત્યાં સુધી કરેલ નથી તેમજ હાલની અરજી કોઈ દેવા કે સીકયુરીટી સબંધે કરવામાં આવેલ નથી. જે તમામ હકીકત ધ્યાને લેતા અરજદારપક્ષે આ સર્ટીફીકેટ મેળવવા પોતાનો પ્રથમ દર્શનીય કેસ હોવાનું પ્રસ્થાપિત કરેલ હોઈ, કાયદાકીય જોગવાઈને આધિન રહીને અરજદારના નામનું માંગ્યા મુજબનું લેટર ઓફ એડમીનીસ્ટ્રેશન સર્ટીફીકેટ કાઢી આપવામાં આવે તો, અરજદાર સિવાયના મરણજનારના અન્ય કોઈ સગા સબંધી ઓને કે

કોઈ ત્રાહિતને કોઈ જ વાંધો નથી, તેવી હકીકત અત્રેની કોર્ટને માનવાને કારણ રહે છે અને તેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

:: **હુ ક મ** ::

- અરજદાર શૈલેષકુમાર જયંતીલાલ પ્રજાપતી, મુ. પો. બલૈયા, તા. ફતેપુરા, જી. દાહોદ નાઓની અરજી મંજુર કરવામાં આવે છે.
- અરજદાર શૈલેષકુમાર જયંતીલાલ પ્રજાપતી નાઓને **સ્વ. ચંદ્રકાબેન ભાયજીભાઈ બારીયા** નાઓના સંતરામપુર જુની દેના બેંક જે હાલની બેંક ઓફ બરોડા ડીબી ખાતા નં. ૯૩૫૩૦૧૦૦૦૦૩૬૧૩ માં જમા નાણા વ્યાજ સહીત તમામ રકમનો વહીવટ કરવા શારુ અરજદાર ના નામનું લેટર ઓફ એડમીનીસ્ટ્રેશન સર્ટીફીકેટ કાઢી આપવાનો હુકમ કરવામાં આવે છે.
- અરજદારે નિયમ મુજબ નો કોર્ટ ફી સ્ટેમ્પ ભર્યેથી અરજદાર ના નામ નું લેટર ઓફ એડમીનીસ્ટ્રેશન સર્ટીફીકેટ કાઢી આપવુ.
- સદર અરજીનું ખર્ચ પક્ષકારો એ જાતે ભોગવવું.

હુકમ આજરોજ તા.૧૭, માહે–જુલાઈ, સને–૨૦૨૬, માં ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

**તારીખ : ૧૭–૦૭–૨૦૨૬**
**સ્થળ : સંતરામપુર**

**( શમા જાવેદહુસેન મેમણ )**
**GJ01353**
**એડીશનલ સિનીયર સીવીલ જજ,**
**મુ. સંતરામપુર, જી. મહીસાગર.**